RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 97 * Date: 26.01.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## સરકાર બનતા જ ટ્રમ્પ અને મસ્કના સંબંધોમાં તિરાડ? ૫૦૦ અબજ ડોલરના AI પ્રોજેક્ટ પર વિવાદ



વિશ્વના સૌથી અમીર બિઝનેસમેન ઈલોન મસ્ક અને વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મિત્રતાની વાતો છેલ્લા કેટલાક દિવસોથી દુનિયાના ખૂણે-ખૂણે સાંભળવા મળી રહી છે. પરંતુ અચાનક એક પ્રોજેક્ટની જાહેરાત સાથે બંને વચ્ચે અણબનાવ સર્જાતો જોવા મળે છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં અમેરિકાને સૌથી આગળ રાખવા માટે સ્ટારગેટ છૈં પ્રોજેક્ટની જાહેરાત કરી હતી.જેમાં અમેરિકાના ટેક બિઝનેસમેન ઈલોન મસ્કને સામેલ કરવામાં આવ્યા હતા. પરંતુ હવે લાગી રહ્યું છે કે તેમને આ પ્રોજેક્ટમાં રસ નથી. તેણે આ પ્રોજેક્ટ સામે ખુલ્લેઆમ નારાજગી પણ વ્યક્ત કરી છે. આથી એવું લાગી રહ્યું છે કે આ પ્રોજેક્ટ ઠપ થઈ જશે. આ સાથે ટ્રમ્પ અને મસ્કના સંબંધોમાં પણ તિરાડ જોવા મળી શકે છે. એવામાં જાણીએ શું છે આખો મામલો...

ગયા મંગળવારે, દેશના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં એક હાઈ-પ્રોફાઈલ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશે છે. આ પ્રોજેક્ટનું બજેટ લગભગ ૫૦૦ બિલિયન ડોલર નક્કી કરવામાં આવ્યું છે. જેના હેઠળ તેમનું સપનું અમેરિકાને છૈંમાં વિશ્વમાં સૌથી આગળ રાખવાનું છે.

આ પ્રોજેક્ટને 'સ્ટારગેટ' નામ આપવામાં આવ્યું છે. જેના કારણે ૧૦૦,૦૦૦ થી વધુ નોકરીઓ ઉત્પન્ન થવાનો દાવો કરવામાં આવ્યો છે. તે ટેકનિકલ ક્ષેત્રમાં ચીનના વધતા પ્રભાવનો સામનો કરવામાં પણ મદદ કરશે. આ પ્રોજેક્ટની જાહેરાત ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી, પરંતુ બાદમાં આ પ્રોજેક્ટ વિવાદમાં પરિણમ્યો હતો.

આ પ્રોજેક્ટમાં સોફ્ટબેન્ક, ઓરેકલ, અને સ્ત્ઠ દ્વારા ઈનવેસ્ટમેન્ટ કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં હાલમાં ૧૦૦ બિલિયન ડૉલરના ઈનવેસ્ટમેન્ટ કરવામાં આવ્યા છે. સોફ્ટબેન્ક દ્વારા ઈનવેસ્ટમેન્ટ જોવામાં આવી રહ્યું છે, અનેૅીહ છૈં આ પ્રોજેક્ટનું ઓપરેશન સંભાળશે. ચેરમેન માસાયોશી સોન દ્વારા આ પ્રોજેક્ટનું નિયંત્રણ રાખવામાં આવશે. આ પ્રોજેક્ટમાં અન્ય મહત્ત્વના પાર્ટનર છ઼ઈસ, માઈક્રોસોફ્ટ, દ્ગફૈંડ્ઢૈંછ પણ છે.ઓલ્ટમેને બુધવારે ઠ પોસ્ટમાં મસ્ક પર વળતો પ્રહાર કર્યો. મસ્કના આરોપના જવાબમાં કે, આ ખોટી માહિતી છે અને તમે ચોક્કસપણે તે જાણો છો. સ્ટારગેટ દેશ માટે ખૂબ જ સારું છે. મને ખ્યાલ છે કે દેશ માટે જે સારું છે તે હંમેશા તમારી કંપનીઓ જે ઈચ્છે છે તેના અનુરૂપ ન હોય, પરંતુ તમને મળેલી નવી જવાબદારી સાથે, હું આશા રાખું છું કે તમે ઓપનએઆઈની જેમ, ઠછૈં પણ તેના પોતાના છૈં સિસ્ટમ વિકસાવવા પર કામ કરી રહ્યું છે. મસ્કની ટીકાઓના જવાબમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, 'મને ખબર નથી કે તેઓ કરે છે કે નહીં, પરંતુ તમે જાણો છો, તેઓ નાણાંનું રોકાણ કરી રહ્યા છે.' સરકાર નહિ પરંતુ તેઓ રોકાણ કરી રહ્યા છે. તેઓ ખૂબ જ અમીર લોકો છે. આથી મને આશા છે કે તેઓ રોકાણ કરશે.' ટ્રમ્પે વધુમાં કહ્યું કે, મસ્કનો ગુસ્સો કદાચ અંગત દુશ્મનીના કારણે છે. તેણે કહ્યું કે તેનાથી મને કોઈ ફરક નથી પડતો... આ ડીલમાં સામેલ તમામ લોકો ખૂબ જ સ્માર્ટ છે.

ભલે ડોનાલ્ડ ટ્રમ્પે આ મામલાનો ઉકેલ લાવવાનો અને તેને શાંત કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ ઈલોન મસ્ક તરફથી જે પ્રકારની વાતો થઈ રહી છે, જે જોઈને આ પ્રોજેક્ટ ફ્લોર પર આવવાની કોઈ શક્યતા નથી. ટ્રમ્પ એ પણ જાણે છે કે આ પ્રોજેક્ટ માટે જરૂરી ૫૦૦ બિલિયન ડોલરનું ભંડોળ ઈલોન મસ્ક વિના પૂરું થઈ શકે નહીં. આવી સ્થિતિમાં, ઈલોન મસ્કને ખાતરી ન થાય ત્યાં સુધી આ પ્રોજેક્ટ બેલેન્સમાં અટકી શકે છે. જો ટ્રમ્પ આ પ્રોજેક્ટને મસ્ક વિના આગળ લઈ જાય છે, તો તે બંને વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી શકે છે.

## સાયકલ કંપની સાથે લાખોની છેતરપિંડી:દેશભરના ૭ વેપારીઓએ દહેગામની કંપની પાસેથી માલ લઈને ૫૩ લાખની ઠગાઈ કરી




દહેગામ તાલુકાના સુજાના મુવાડા ખાતે સ્થિત અલ્ફા વેક્ટર (ઇન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ કંપની સાથે સાત વેપારીઓએ ૫૩ લાખની મોટી છેતરપિંડી આચરી છે. કંપનીના લીગલ એડવાઈઝર પાર્થસારથીની ફરિયાદના આધારે રખિયાલ પોલીસે ગુનો નોંધ્યો છે.કંપની ભારતભરમાં વિવિધ મોડલની સાયકલો અને સ્પેરપાર્ટ્સનું વેચાણ કરે છે. હૈદરાબાદની શ્રીલક્ષ્મી સાયકલ કંપનીના માલિક શિવા પ્રસાદ, પુણેની ટોયઝર કંપનીના માલિક કાદિર નાલબંધ, કાનપુરની શ્રીસાંઈ એન્ટરપ્રાઈઝના માલિક કુશાગ્ર રસ્તોગી, ચેન્નઈની લોક એન્ડ કી સાયકલના માલિક ટી. આકાશ, કેરળની એલ.સી બાઈક પ્રોડક્ટની માલિક સીમા વેનુગોપાલ, આંધ્રપ્રદેશની સ્માર્ટ લિવિંગના માલિક કોટીપલ્લી વામસી કિશોર અને મહારાષ્ટ્રના બાઈસિકલ સ્ટુડિયોના માલિક શાહરૂખ ખાને અલગ-અલગ સમયે કંપની પાસેથી સાયકલો અને સ્પેરપાર્ટ્સ મંગાવ્યા હતા.આ તમામ વેપારીઓએ કંપનીને વિશ્વાસમાં લઈને માલ વેચાણ કરવાની અને પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપી હતી. જો કે, માલની ડિલિવરી લીધા બાદ કોઈએ પણ નાણાં ચૂકવ્યા નથી. આ રીતે કુલ ૫૩ લાખથી વધુની રકમની છેતરપિંડી થઈ છે. કંપનીએ વારંવાર માંગણી કરવા છતાં પેમેન્ટ ન મળતા આખરે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## હિમાચલમાં હિમવર્ષા, ૧૧ રાજ્યોમાં ધુમ્મસનું એલર્ટ : બિહારના ૧૧ જિલ્લામાં કોલ્ડવેવ



હવામાન વિભાગે શનિવારે ૧૧ રાજ્યોમાં ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે. જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષામાં ઘટાડો થયો છે. હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા અને વરસાદ બંધ થઈ ગયો છે. પરંતુ ઠંડી અકબંધ છે. જમ્મુ અને કાશ્મીરમાં, આગામી ૫ દિવસમાં દિવસનું તાપમાન વધવાની અને રાત્રિના તાપમાનમાં ૧-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની ધારણા છે.

હિમાચલમાં આગામી ૪ દિવસ સુધી હિમવર્ષા કે વરસાદની કોઈ શક્યતા નથી. ૫ જિલ્લામાં કોલ્ડવેવનું યલો એલર્ટ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૨૯ જાન્યુઆરીએ ફરી એક્ટિવ થવાની ધારણા છે. તેથી બાદમાં ફરી હિમવર્ષા થઈ શકે છે.

શનિવારે દિલ્હીમાં આકાશ સ્વચ્છ રહેશે, ભારે પવન ફૂંકાઈ શકે છે. બિહારના ૧૧ જિલ્લાઓમાં ઠંડા દિવસનું યલો એલર્ટ અને ૧૫ જિલ્લામાં ગાઢ ધુમ્મસ છે. આગામી બે દિવસ ઠંડીથી રાહત નહી મળે. લઘુત્તમ તાપમાન ૮ થી ૧૪ ડિગ્રી વચ્ચે રહી શકે છે.પંજાબના ૬ જિલ્લામાં કોલ્ડવેવની ચેતવણી આપવામાં આવી છે. ઉત્તર તરફથી આવતા બર્ફીલા પવનોને કારણે સ્રૂમાં ફરી ઠંડી વધી છે. શુક્રવારે ભોપાલમાં દિવસના તાપમાનમાં ૬.૮ ડિગ્રીનો ઘટાડો થયો હતો. ૨૨.૬ ડિગ્રી પર આવ્યો હતો. રાજ્યમાં આગામી ૩ દિવસ આવું જ વાતાવરણ રહેશે.

## શહેરમાંથી વધુ ૮૧ ઝૂંપડાં હટાવી દેવાયાં, ખુલ્લી જગ્યાને ફેન્સિંગથી સુરક્ષિત કરાશે

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશે હવે વેગ પકડ્યો છે. શહેરના વિવિધ સેક્ટરોમાં આગોતરી જાણ ન થાય તે પ્રકારે દબાણ ટીમ ત્રાટકી રહી છે. આ ઝુંબેશ દરમિયાન વિવિધ સેક્ટરોમાંથી ૮૧ જેટલા ઝુંપડા હટાવી દેવામાં આવ્યા છે. સિવિલના ગેટ પાસે ઉભી થયેલી ઝુંપડપટ્ટી પણ દૂર કરવામાં આવી છે. ઝુંપડપટ્ટી હટાવ્યા બાદ ખુલ્લી કરાયેલી જગ્યાને સુરક્ષિત કરવા ફેન્સીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે.સેક્ટર-૧માં કાંસમાં ઉભા થઈ ગયેલા ઝુંપડાના દબાણો હટાવીને અહીં ફરી ઝુંપડા ઉભા ન થઈ જાય તે માટે તાર ફેન્સીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.ઘ-૦થી રીલાયન્સ ચારરસ્તા સુધીના માર્ગ પર સતત ત્રીજીવાર લારી- ગલ્લાના દબાણો હટાવી દેવામાં આવ્યા છે. અહીંથી અગાઉ બે વખત લારીઓ જપ્ત કરવામાં આવી હોવા છતાં દબાણો ઉભા થઈ રહ્યા છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલની બહારના ઝુંપડા તેમજ સેક્ટર- ૧૬માં આવેલા ઝુંપડા પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.સેક્ટર- ૭માં ઝુંપડા દૂર કરી દેવા માટે દબાણની ટીમો દ્વારા ઝુંપડાવાસીઓને સૂચના આપવામાં આવી છે. એક બે દિવસમાં જગ્યા ખાલી નહીં થાય તો જેસીબીથી તોડી પાડવામાં આવશે. દબાણ ઝુંબેશ દરમિયાન લારી- ગલ્લાના દબાણો પણ વિવિધ સ્થળેથી હટાવવામાં આવ્યા હતા. દબાણ હટાવ ઝૂંબેશ આગામી સમયમાં પણ ચાલું રખાશે.

## યુનિ.કેમ્પસમાં ૧. ૪૮ કરોડના ખર્ચે વધુ ૨૨૫ કિલોવોટની સોલાર પેનલો લગાવતાં વર્ષે ૬૦ લાખ બિલની બચત થશે



હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી દ્વારા સરકારના માર્ગદર્શન મુજબ સૂર્ય ઉર્જાનો ઉપયોગ કરવા માટે કેમ્પસમાં કેટલાક વિભાગોમાં તો ૪૩૯ કિલો વોટના રૂપટોપ (સોલાર પેનલ) લગાવવામાં આવી હતી ત્યારે બાકી રહેલા કેમ્પસના વિભાગ એક્સ્ટેશન વાળા વિભાગોમાં રૂપટોપ લગાવવા માટે ૧.૪૮ કરોડ રૂપિયા ગ્રાન્ટ મંજુર કરવામાં આવતા હવે ટૂંક સમયમાં બાંધકામ વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી સમગ્ર યુનિવર્સિટી સોલાર સંચાલિત બનતા આગામી સમયમાં અંદાજે યુનિવર્સિટીનું વાર્ષિક વીજળી બિલ અંદાજે ૮૦ લાખ રૂપિયા થતું હોય જેમાં ૬૦ લાખ રૂપિયા જેટલી બચત થવાનો અંદાજ છે.

હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી કેમ્પસમાં સોલાર પેનલ લગાવવા માટે સરકાર દ્વારા વધુ ૧.૪૮ કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી હતી જેમાંથી કેમેસ્ટ્રી વિભાગ કન્વેન્શન હોલ વીઆઈપી ગેસ્ટ હાઉસ સહિત કેમ્પસમાં થયેલા વિભાગોમાં એક્સટેસન બિલ્ડીંગોમાં વધુ સોલાર પેનલો લગાવવા માટે કામગીરી કરવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવા માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂરી આપવામાં આવી છે. મંજૂરી મળતા હવે બાંધકામ વિભાગ દ્વારા ટૂંક સમયમાં ટેન્ડર ની પ્રક્રિયા હાથ કરી રૂપટોપ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

યુનિવર્સિટીનાં ડેપ્યુટી એન્જિનિયર વિપુલભાઈ સાંડેસરાએ જણાવ્યું હતું કે કેમ્પસમાં અગાઉ ૧૯ વિભાગોમાં કુલ ૪૩૯ કિલો વોલ્ટની સોલાર પેનલ લગાવવામાં આવેલ છે. હવે ૧.૪૮ કરોડના ખર્ચે બાકી વિભાગો ઉપરાંત વિભાગોની અંદર વધુ સોલાર પેનલ લગાવવાની કામગીરી કરવામાં આવશે. કેમ્પસમાં કુલ હવે ૬૬૪ કિલો વોલ્ટ રૂપટોપ દ્વારા સમગ્ર યુનિવર્સિટી સોલાર સંચાલિત બનતા વાર્ષિક બિલમાં ૭૫%ની બચત થવાનો અંદાજ છે.

## જમ્મુ- કાશ્મીર:શ્રી માતા વૈષ્ણોદેવી રેલવે સ્ટેશન કટરાથી શ્રીનગર વંદે ભારત ટ્રેનની ટ્રાયલ રન શરૂ

ભારતીય રેલવેએ શ્રી માતા વૈષ્ણો દેવી રેલવે સ્ટેશન કટરાથી શ્રીનગર સુધીની પ્રથમ વંદે ભારત ટ્રેનની ટ્રાયલ રન શરૂ કરી છે. તેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ ટ્રેન અંજી ખાદ બ્રિજ પરથી પણ પસાર થશે જે ભારતનો પ્રથમ કેબલ-સ્ટેડ રેલ બ્રિજ છે અને ચેનાબ બ્રિજ પરથી પણ પસાર થશે, જે વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ છે. ટ્રેનને કાશ્મીર ઘાટીની ઠંડી આબોહવા અનુસાર ખાસ ડિઝાઈન કરવામાં આવી છેકટરા-શ્રીનગર રૂટ માટેની વંદે ભારત ટ્રેન શનિવારે જમ્મુ તાવી રેલવે સ્ટેશન પર ટ્રાયલ કરવામાં આવી હતી. સવારે ૮ વાગ્યે કટરાથી કાશ્મીર માટે ટ્રેન રવાના થઈ હતી. તે ૧૦:૩૦-૧૧:૦૦ વાગ્યે કાશ્મીરના છેલ્લા સ્ટેશન શ્રીનગર ખાતે રોકાશે.આ પહેલા ૧૧ જાન્યુઆરીએ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વંદે ભારત એક્સપ્રેસનો વીડિયો શેર કર્યો હતો.

**જાહેર રજા**

**તારીખ ૨૬-૧-૨૦૨૫ ના રોજ ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક અખબાર કાર્યાલય પ્રજાસત્તાક દિવસ નિમિતે સંપૂર્ણ રજા પાળશે જેથી તારીખ ૨૭-૧-૨૦૨૫ના રોજ અંક પ્રસિધ્ધ થશે નહી. જેની સર્વે વાંચક મિત્રો, વિજ્ઞાપન દાતાઓ વિતરકોએ નોધ લેવા વિનંતી**

**વ્યવસ્થાપક**

## તંત્રી લેખ....

# ચાલુ નાણાં વર્ષમાં સરકારને રિઝર્વ બેન્ક પાસેથી રૂ. બે લાખ કરોડ ડિવિડન્ડ મળશે

મુંબઈ : સમાપ્ત થનારા વર્તમાન નાણાં વર્ષ પેટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) પાસેથી સરકારને ડિવિડન્ડ પેટે રૂપિયા બે લાખ કરોડ મળી રહેવાની ગણતરી મૂકવામાં આવી રહી છે. ગયા નાણાં વર્ષ પેટે રિઝર્વ બેન્કે સરકારને રૂપિયા ૨.૧૧ લાખ કરોડ વિક્રમી ચૂકવણી કરી હતી. નાણાં વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીએ આ આંક ૧૪૦ ટકા વધુ હતો. ઈન્વેસ્ટન્ટમેન્ટ મારફત થતી આવકમાંથી વધારાની આવક ઉપરાંત ડોલર હોલ્ડિંગ્સના મૂલ્યાંકનમાં થતા વધારા ઉપરાંત કરન્સીની છપાઈ મારફત મળતી ફીનીરકમમાંથી બચતા નાણાંનો કેટલોક હિસ્સો રિઝર્વ બેન્ક સરકારને ટ્રાન્સફર કરે છે. રકમ ટ્રાન્સફર કરવામાં બિમલ જાલન સમિતિએ કરેલી ભલામણને ધ્યાનમાં લેવામાં આવે છે, એમ પણ સુત્રોએ જણાવ્યું હતું. જાલન સમિતિની ભલામણ પ્રમાણે આકસ્મિક સમયની આવશ્યકતાને પહોંચી વળવા રિઝર્વ બેન્કે તેની બેલેન્સશીટસના ૫.૫૦થી ૬.૫૦ ટકા રકમ જાળવી રાખવાની રહે છે. સિક્યુરિટીઝના ઘસારા અથવા વિનિમય દરની નીતિને લગતા જોખમો વગેરેને કારણે ઊભી થતી કોઈપણ સ્થિતિને પહોંચી વળવા આ રકમ જાળવી રાખવાની રહે છે. મંદ ઉપભોગ માગ વચ્ચે વેરા મારફતની આવકમાં શકય ઘટાડાને ધ્યાનમાં રાખતા આ શકય ડિવિડન્ડ સરકાર માટે ટેકારૂપ બની રહેશે. વર્તમાન નાણાં વર્ષમાં સરકાર તેના ડિસઈન્વેસ્ટમેન્ટ કાર્યક્રમમાં અપેક્ષા પ્રમાણે આગળ વધી શકી નથી. લોકસભાની ચૂંટણીને કારણે એસેટસના વેચાણની ગતિ ધીમી રહી છે.રિઝર્વ બેન્ક પાસેથી ઊંચી રકમને કારણે સરકારને રાજકોષિય ખાધ સીમિત રાખવા ટેકારૂપ બની રહેશે એટલું જ નહીં મૂડીખર્ચ માટે વધુ રકમ પ્રાપ્ત રહેશે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.વર્તમાન નાણાં વર્ષમાં રૂપિયા સામે ડોલરના ઊંચા ભાવ પણ રિઝર્વ બેન્ક માટે નફાકારક બની રહ્યા છે.

# ગાંધીનગરમાં ફ્લાયઓવર માટે ૧૭૦ લીલાંછમ વૃક્ષો કપાયા, વન વિભાગને માત્ર ૫.૮૭ લાખની આવક



ગાંધીનગરમાં વિકાસના નામે વૃક્ષોનો વિનાશ જારી છે. પેથાપુર સર્કલ પર નવા ફ્લાયઓવરના નિર્માણ માટે ૧૭૦ જેટલા લીલાંછમ વૃક્ષોનો ભોગ લેવાયો છે. આ પ્રોજેક્ટ માટે માર્ગ અને મકાન વિભાગે વન વિભાગને માત્ર રૂ. ૫.૮૭ લાખનું વળતર ચૂકવ્યું છે, જે આ કિંમતી વૃક્ષોની સરખામણીમાં નગણ્ય રકમ ગણાય છે.

એક સમયે ભારતના સૌથી હરિયાળા પાટનગર તરીકે જાણીતા ગાંધીનગરમાં વિકાસની દોડમાં વૃક્ષોની કટોકટી સર્જાઈ રહી છે. પેથાપુર ચાર રસ્તા પર બનનાર ફ્લાયઓવર અને સર્વિસ રોડ માટે કપાયેલા વૃક્ષોમાં સૌથી વધુ ૭૬ લીમડાના વૃક્ષોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કણજી, સીસમ, પેન્ટોફોર્મ, સરગવો, બદામ, કાસીદ, આશોપાલવ અને નગોઈ જેવા મૂલ્યવાન વૃક્ષોનો પણ સમાવેશ થાય છે.

પર્યાવરણ પ્રેમીઓએ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી છે અને માગણી કરી છે કે વન વિભાગે વધુ વળતરની રકમ વસૂલવી જોઈએ. સાથે જ શક્ય હોય ત્યાં વૃક્ષોનું ટ્રાન્સપ્લાન્ટેશન કરવું જોઈએ. આ ઘટના એ વાતનો પુરાવો છે કે શહેરી વિકાસની સાથે પર્યાવરણનું સંતુલન જાળવવું કેટલું મહત્વપૂર્ણ છે.

# ઉનાના અહેમદપુર માંડવી બીચ ખાતે ત્રિદિવસીય બીચ ફેસ્ટિવલનો પ્રારંભ, ડોલ્ફિન બની આકર્ષણનું કેન્દ્ર

ગીર સોમનાથ જીલ્લાના ઉનાના અહેમદપુર માંડવી બીચ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ અને જીલ્લા વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસથી ત્રિ-દિવસીય બીચ ફેસ્ટિવલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રારંભ સમયે આકાશમાં બલૂન ઉડાડીને કલા અને સંસ્કૃતિના સુભગ સમન્વય બીચ ફેસ્ટિવલનો ઉલ્લાસભર્યો શુભારંભ થયો હતો. અહેમદપુર માંડવી બીચને પ્રવાસનના નવાં સ્થળ તરીકે વિકસાવવાના ભાગરૂપે તા. ૨૪, ૨૫ અને ૨૬ થી ત્રણ દિવસ બીચ ફેસ્ટિવલની શરુઆત થઈ ગઈ છે. ફેસ્ટિવલ પહેલા જિલ્લા કલેક્ટર દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેથી પ્રવાસીઓ લાઈવ કોન્સર્ટ, લેઝર શોની મજા માણી શકે. સંઘ પ્રદેશ દીવના ઘોઘલાને અડીને આવેલો ગુજરાતના ગીરનો અહેમદપુર માંડવી બીચ દેશ અને દુનિયાના પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનવા બન્યો છે. અહી ગીર સોમનાથ કલેક્ટરે મુલાકાત કર્યા બાદ બીચને ડેવલપ કરવાનું બીડું ઝડપ્યું છે. જેથી રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૨૪, ૨૫ અને ૨૬ના રંગારંગ બીચ ફેસ્ટીવલ શરુ કરવામાં આવ્યો છે.

અહેમદપુર માંડવી બીચ હાલ પ્રવાસીઓમાં સૌથી ઓછી ઓળખ ધરાવે છે, પરંતુ અહીં પ્રવાસન ઉદ્યોગ અને દરિયાઇ પર્યટનને લઈને વિશાળ તકો ઉપલબ્ધ હોવાથી તંત્ર દ્વારા ત્રિદિવસીય ભવ્ય બીચ ફેસ્ટિવલ શરુ થઈ ગયો છે. જેમાં ખારવા સમાજ અને તેની સંસ્કૃતિ ઉજાગર થાય તે માટે પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લોની પરેડ, લાઈવ કોન્સર્ટ, લેઝર શો સહિત વિવિધ એક્ટિવિટી તથા ફૂડઝોનની પ્રવાસીઓને મજા માણી હતી. ગીર સોમનાથ કલેક્ટરે જણાવ્યું હતું કે, અહેમદપુર માંડવી બીચ પ્રવાસીઓમાં નવી ઓળખ ઉભી કરે તે માટે અહીં ખાસ સૂર્યોદય પોઈન્ટ છે. આ બીચ પર બહુ મોટી સંખ્યામાં ડોલ્ફિન માછલી પણ જોવા મળે છે, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

# શૂન્યમાંથી સર્જન શુરે આપ્યો સાથ સંજુ નો સંઘર્ષ અને સફળતા લોકગાયિકા કિરણ પ્રજાપતિ....



અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી મન હોય તો માળવે જવાય જેવા દ્રઢ સંકલ્પ સાથે નાં સપનાને સાકાર કરવા માટે અથાગ પરિશ્રમ કરનાર લોક ગાયિકા કિરણ પ્રજાપતિ જેમને શુર અને સંગીત પોતાના વડવાઓ થકી વારસામાં મળ્યું છે એવું સમગ્ર પ્રજાપતિ સમાજ નું ગૌરવ અને સુવર્ણ રત્ન જેને કહી શકાય એવા કુમારી કિરણ પ્રજાપતિ હાલમાં (આઇ એસ એ એમ આર એ .) ઈન્ડીયન સિંગર એન્ડ મ્યુઝિશિયન્સ રાઈટ એશોશિયન મુંબઈ ના સભ્ય બન્યા છે કિરણ પ્રજાપતિ એ પોતાના શુરની શરુઆત પોતાના માદરે વતન ગામના ચોરાથી કરી હતી કઠીન પરિસ્થિતિ નો સામનો કરી કેસેટ ની દુનિયા થી સીડી ડીવીડી અને આજે સોશિયલ મીડિયા માં પોતાની ચેનલ થકી સંતવાણી ધૂન અને અન્ય લોકગીતો સમગ્ર દુનિયા ને પીરસી રહ્યા છે પોતાની યુટ્યુબ ચેનલ પર લાખોની સંખ્યામાં ચાહકો છે જેમને તારીખ ૨૪-૧-૨૦૨૫ નાં રોજ યુટ્યુબ કંપની તરફથી પણ બટન આપી સન્માનિત કરવામાં આવ્યાં છે જ્યારે સંગીતની દુનિયામાં શુર રેલાવતા કિરણ પ્રજાપતિ વિશે અનેક લેખકો થકી પણ વ્યક્તિ વિશેષ નાં લખાણ પુસ્તકો માં લખાયા છે આજે જ્યારે સફળતા પ્રાપ્ત થ?ઈ છે ત્યારે કુમારી કિરણ પ્રજાપતિ એ દૈનિક પેપરના તંત્રીશ્રીઓ પ્રત્રકાર મિત્રો લેખકો અને સૌથી વધું સફળતા અપાવનાર એમનાં તમામ ચાહકોનો હ્દય પૂર્વકનો આભાર વ્યક્ત કર્યો છે જે કાંઈ પણ છું એ તમામ વ્યક્તિઓ થકી છું સફળતા અપાવવામાં મને કરેલ મદદ સપોર્ટ થી હું આજે શુરને સથવારો આપી રહી છું જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ આપના સહીયોગ થકી આગળ વધી રહી છું આવનાર સમયમાં પણ આપનો સાથ સહકાર મળતો રહેશે એવી અભ્યર્થનાઓ વ્યક્ત કરી ઓલ ઈન્ડિયા સીંગર એશોશિયન સભ્ય બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો છે.

અહેવાલ રીપોર્ટ

હિરેન પ્રજાપતિ.. રખેવાળ પાલ ,અરવલ્લી સાબરકાંઠા

# અમદાવાદ ખાતે આયોજિત હિન્દુ આધ્યાત્મિક સેવા મેળામાં આયોજિત કન્યા વંદન કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાની ઉપસ્થિતિ

અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે આયોજિત ત્રિ-દિવસીય હિન્દુ આધ્યાત્મિક સેવા મેળા (એચએસએસએફ)માં સામાજિક ન્યાય અને અધિકારિતા તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયનાં મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા ઉપસ્થિત રહ્યાં હતાં. કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાએ આ પ્રસંગે કહ્યું હતું કે, આપણે સૌએ દીકરીઓનું પૂજન કરવું જોઈએ, કેમકે દીકરી એટલે ભવ્યતા, દિવ્યતા અને આધ્યાત્મિકતા. દીકરીની તુલના તુલસીના ક્યારા સાથે કરતા તેમણે કહ્યું હતું કે, દીકરી ત્રણ કુળને તારે છે અને દીકરી એટલે રોજ દિવાળી. જે ઘરે દીકરીનું અવતરણ થાય ત્યાં પરમાત્માના આશીર્વાદ હોય છે. દીકરી એ શક્તિનું સ્વરૂપ છે. દીકરી જ પિતાના પડખે ઊભી



રહીને પિતાને હિંમત આપવાનું કામ કરે છે. દીકરી હંમેશાં પરિવાર અને સમાજની ચિંતા કરે છે. દીકરી પોતાના દરેક સ્વરૂપમાં શ્રેષ્ઠ ભૂમિકા અદા કરે છે. વર્તમાન સમયમાં દીકરી આંગણવાડીથી લઈને અંતરીક્ષ સુધી પ્રગતિ કરી છે, એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ દીકરીઓને ભણીગણીને ખૂબ આગળ વધવા તેમજ માતા-પિતા અને શહેરનું નામ રોશન કરવાની શુભકામનાઓ આપી હતી.આ કાર્યક્રમમાં અંકુર સ્કૂલ-પાલડી, અંધકન્યા પ્રકાશ સ્કૂલ-મેમનગર, અપંગ માનવ મંડળ-અટીરા, બહેરા મૂંગાની શાળા-આશ્રમ રોડ, વિકાસગૃહ-પાલડી, સમર્પણ મૂકબધીર શાળા, સરસ્વતી કન્યા કેળવણી કેન્દ્ર, શ્રી સરસ્વતી મંદિર પ્રાથમિક શાળા-મણિનગર, શ્રી રામકૃષ્ણ પ્રાથમિક શાળા-મણિનગર શાળાની કન્યાઓનું મહાનુભાવો દ્વારા પૂજન કરી કન્યાવંદન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મહામંડલેશ્વર શ્રી કૃષ્ણમણિજી મહારાજ-પ્રણામી સંપ્રદાય જામનગર, ડૉ. શ્રી વાગેશકુમાર કાંકરોલી, એચએસએસ કોર ટીમના સદસ્ય શ્રી સોમકાંતભાઈ શર્મા, ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર સુશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ચેરમેન શ્રી સુજયભાઈ મહેતા, એચએસએસએફના અધ્યક્ષ શ્રી તુલસીરામ ટેકવાની, એચએસએસએફના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ વ્યાસ, બાળ આયોગના ચેરમેન સુશ્રી ધર્મિષ્ઠાબહેન, એચએસ એસએફના સહસચિવ સુશ્રી નીપાબહેન શુક્લ, એચએસ એસએફની આયોજન સમિતિના ચેરમેન શ્રી સુભાષભાઈ ભાવસાર વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે એન.એસ.એસ. યુનિટ અને સમાજશાસ્ત્ર વિભાગના ઉપક્રમે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી.

આજે તા.૨૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે એન.એસ.એસ. વિભાગ અને સમાજશાસ્ત્ર વિભાગ તેમજ મામલતદાર કચેરી, અમીરગઢની સહભાગિતાના સંયુક્ત ઉપક્રમે 'મતદાનથી વિશેષ કશું જ નથી, હું અવશ્ય મતદાન કરીશ.' થીમ અન્વયે રાષ્ટ્રીય મતદાતા દિવસની રંગારંગ ઉજવણી કરવામાં આવી. જેમાં અમીરગઢ મામલતદાર કચેરીમાંથી મામલતદાર બહેનશ્રી તથા નાયબ મામલતદારશ્રી અને કચેરીના અન્ય પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. એમનું સ્વાગત અભિવાદન કૉલેજના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. મામલતદાર બહેનશ્રી તથા નાયબ મામલતદાર દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહી તેમજ લોકશાહીના મૂલ્યોનું યોગ્ય જતન તેમજ રક્ષણ કરવા તથા પોતાના મતનું મૂલ્ય સમજાવી ચૂંટણીઓમાં અચૂક અને અવશ્ય મતદાન કરવાનું આહ્વાન કર્યું હતું. કૉલેજના ઈતિહાસ વિભાગના અધ્યાપક મુકેશ કુમારે પ્રસંગોચિત મતદાનનું મહત્વ મહત્ત્વ અને એમાં યુવાનોની ભૂમિકા વિશે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો, કૉલેજના અધ્યાપકો તથા મામલતદાર બહેનશ્રી તથા નાયબ મામલતદાર અને કચેરીના અન્ય કર્મચારીઓએ મળીને લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરિમા જાળવવાના તથા કોઈપણ જાતની શેહ, શરમ વિના નિર્ભીકપણે અચૂક મતદાન કરવા અંગેની પ્રતિજ્ઞા લઈ સામૂહિક શપથગ્રહણ કર્યા હતાં. આ કાર્યક્રમમાં કૉલેજના તમામ અધ્યાપકો, મામલતદાર કચેરીના પદાધિકારીઓ તથા કુલ ૫૦ વિદ્યાર્થીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંતે કાર્યક્રમની આભારવિધિ હિન્દી વિભાગના અધ્યાપક ડૉ. નરેશ જોષી દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના એન.એસ.એસ. વિભાગનાં પ્રોગ્રામ અધિકારી ડૉ. મહેશ પ્રજાપતિ દ્વારા તથા સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના ડૉ. નિતિન જાદવ દ્વારા મામલતદાર કચેરીની સહભાગિતાથી કૉલેજના આચાર્યશ્રી ડૉ. એન.કે. સોનારાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# બોરીવલીમાં એમસીએફ દ્વારા થ્રો બોલ ટુર્નામેન્ટ યોજાઈ




બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં થ્રોબૉલ ટુર્નામેન્ટ યોજાઈ હતી અને વિજેતા ટીમને ટ્રોફી અને અન્ય ઈનામ અપાયા હતા. મૈત્રી ઈલેવન ટીમ વિજેતા અને સમૃદ્ધિ ઈલેવન ટીમ બીજી આવી હતી. મિક્સ જેન્ડરમાં દીવે ઈલેવન વિજેતા અને ઓમ ઈલેવન બીજી રહી હતી.અગાઉ યોજાયેલી ડૉ. સુહાસ બાપટ મેમોરિયલ ટેનિસ ટુર્નામેન્ટમાં પુરુષોના વિભાગમાં જેનિલ શાહ ઈલેવન વિજેતા અને ઋષભ નાણાવટી ઈલેવન બીજી, મહિલા વિભાગમાં લીના ઈલેવન વિજેતા અને રોનક ઈલેવન બીજી, પચાસ પ્લસમાં ઉદય ઈલેવન વિજેતા અને નીતિન ઈલેવન બીજી, છોકરાઓના વિભાગમાં ધ્રુવ ઈલેવન વિજેતા અને હ્રદય ઈલેવન બીજી રહી હતી અંડરઆર્મ બોક્સ ક્રિકેટના પુરુષોના વિભાગમાં દીવે ઈલેવન વિજેતા રહી હતી. વિજેતા ટીમને ટ્રોફી અપાઈ હતી.

# ગાય એ ગૌશાળા - પાંજરાપોળની નહીં, ઘરઆંગણાની શોભા છે.

ગાયને હિંદુ ધર્મમાં ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. ગાયને 'લક્ષ્મી'નું સ્વરૂપ માનવામાં આવે છે અને એવું માનવામાં આવે છે કે ગાય ઘરમાં સુખ, સમૃદ્ધિ અને સકારાત્મકતા લાવે છે. ગાયનું રક્ષણ કરવું અને તેની સેવા કરવી એ એક મહાન પુણ્યનું કાર્ય માનવામાં આવે છે. ગાયનું દૂધ ખૂબ જ પૌષ્ટિક અને સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવે છે. ગાયનું દૂધ, છાશ, દહીં, ઘી પંચગવ્ય ખુબ ઉપયોગી છે. ગાયનું દૂધ કેલ્શિયમ, પ્રોટીન અને વિટામિન્સનો ઉત્તમ સ્ત્રોત છે. તે શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે અને ઘણી બીમારીઓથી બચાવે છે. ગાય ખેતીમાં પણ મદદ કરે છે. ગાયનું છાણ ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે જે જમીનની ફળદ્રુપતા વધારે છે. પુનઃ પ્રાપ્ય ઊર્જાસ્રોતની વધતી ઉપયોગિતાને જોતાં બાયોગૅસ અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. ગાયનાં છાણ-મૂત્રનો ઉપયોગ બાયોગૅસ પ્લાન્ટ માટે ઉપયોગી થઈ શકે, જેનાથી ગ્રામીણ ક્ષેત્ર માટે અત્યંત સસ્તી ઊર્જા પ્રાપ્ત થઈ શકે. આ કાર્યથી ગોપાલકોની આવક વધારી શકાય છે. ગાયનું ગૌમૂત્ર પણ ઔષધિ તરીકે ઉપયોગમાં લેવાય છે. આજે રાજ્યની પાંજરાપોળો-ગૌશાળાઓ વધુ પશુઓના બોજ નીચે દબાઈ રહી છે અને સારાં પશુઓને પણ પાંજરાપોળોમાં રહેવું પડે છે તેવા સંજોગોમાં ગાયને ગૌશાળા, પાંજરાપોળથી ઘરઆંગણા સુધી લાવવાના પ્રયાસ માત્ર ગરીબો માટે જ નહીં, પરંતુ ગામ માટે પણ આશીર્વાદરૂપ પુરવાર થશે. જે ગામોમાં ગૌચર વિકસિત છે તેવાં ગામોમાં ગાયો આપવાનું કાર્ય કરવામાં આવે તો ચારાની સમસ્યા ન રહે અને આર્થિક રીતે ગાય પરવડી શકે.

# શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી

પાણીપત

શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે તહેસીલ કેમ્પ અને સહયોગ માર્કેટ એસોસિએશન સ્થિત એવન પબ્લિક સ્કૂલના સંયુક્ત નેજા હેઠળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી આશ્રમ, બરસાત રોડ ચુંગીથી શરૂ થયેલી શોભા યાત્રાનું ઉદ્ઘાટન કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલના પ્રતિનિધિ ગજેન્દ્ર સલુજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના વરિષ્ઠ નેતા હરપાલ ધાંડા, ડૉ. જગજીત આહુજા, પ્રેમ સચદેવા, કમલ ગંભીર, રાજેશ બત્રા પણ હાજર હતા. શોભાયાત્રામાં વિવિધ ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. એવન સ્કૂલ તરફથી શ્રી રામ, લક્ષ્મણ, સીતા, હનુમાનજીની ઝાંખી વિશેષ હતી. ઢોલ સાથે મા સરસ્વતી વેલ્ફેર સોસાયટી, વિદ્યા સ્કૂલ, હનુમાન મંદિર, પ્રાચીન શિવ મંદિર, શિવ માર્કેટ એસોસિએશન અને અન્ય ધાર્મિક જાહેર સેવા જૂથો, શીખ યુથ ફેડરેશન, ઉડાન જન કલ્યાણ સમિતિ, સંસ્કાર મહાવીર સમાજના સભ્યોએ ફૂલોની વર્ષા કરીને યાત્રાનું સ્વાગત કર્યું હતું..

આ શોભાયાત્રા બરસાત રોડ ચુંગીથી શરૂ થઈને સબઝી મંડી તહેસીલ કેમ્પ, ફતેહપુરી ચોક, જટ્ટુ ચોક અને એવન પબ્લિક સ્કૂલ ખાતે સમાપ્ત થઈ હતી. શોભાયાત્રાના સ્વાગત માટે વિવિધ સંસ્થાઓએ



વિવિધ સ્ટોલ ઉભા કરીને સેવા આપી હતી. ભક્તોએ સંત આનંદ પ્રકાશ, લાલજી ગદ્દી, મહંત લોકેશ મહારાજના આશીર્વાદ લીધા હતા.

શોભાયાત્રામાં એવન પબ્લિક સ્કૂલના મુખ્ય શિક્ષક કવિતા બત્રા, વીણા, સુષ્મા, અન્ય સ્ટાફ સભ્યો અને વિદ્યા પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓનો વિશેષ ફાળો હતો. આ પ્રસંગે રાજીવ મનચંદા, કમલ નયન વર્મા, ઈન્દુ કુકરેજા, પંકજ ખુરસીજા, ધરમપાલ ચોપરા, વિનય અરોરા, દયાનંદ ઢુંગર, ગીતા ગાબા, સતીશ મહેતા, હુકુમચંદ મહેતા, વિનય તનેજા, વીણા અરોરા, ચંદીગઢના આશુ નંદા, સમીર નંદા, એન. શર્મા, સુભાષ ગુલાટી, ઓમ દત્ત, ગજેન્દ્ર સિંહ દહિયા (ગજજુ બાબા) ઉપસ્થિત રહ્યા હતા.

# મહુવા તાલુકાના કુંભણ ગામે ૨૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી....

ગામના યુવાનોમાં અને લોકોમાં મતદાન વિશે સમજ આપવા તેમજ લોકશાહીના અવસર વખતે વધારેમાં વધારે મતદાન થાય તે હેતુ થી મહુવા તાલુકાના કુંભણ ગામે ફરજ બજાવતા બુથ લેવલ કર્મચારી રમેશભાઈ બારડ અને રણછોડભાઈ જાની દ્વારા ગામમાં શેરીએ શેરીએ ફરીને જાહેર સ્થળોએ મતદાન જાગૃતિ કાર્યક્રમ રાખ્યો હતો. તે અનુસંધાને ઉપસ્થિત લોકોને મતદાન જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. આ ઉપરાંત તારીખ ૧-૧-૨૫ના સંદર્ભમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અન્વયે જેના ૧૮ વર્ષ પૂર્ણ થયા છે તેને નવું ચૂંટણી કાર્ડ કઢાવી લેવા,જો સરનામું બદલવું હોય, નામ- અટક - જન્મ તારીખ માં સુધારો કે લગ્ન પછી કોઈ નામ ઉમેરવા કે સ્થળાંતર કરવા જુદા જુદા ફોર્મ ની ચર્ચા કરી હતી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:383**

વિષય : “ ★ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરુ તો કર થોડા સ્નેહના રંગોથી “★

શીર્ષક: ★ચિત્રાઈ જઈશ હું તારી રગે રગમાં.★

પ્રકાર : લેખ. શબ્દો :૩૦૯

સૃષ્ટિના સર્જનહાર દરેક ચીજ વસ્તુને તેનાથી આપી શકાય તેટલા રંગો થી ભરી દે છે .જો એક અમી ભરેલી નજરોથી જોવામાં આવે તો દરેક ચીજ વસ્તુ ઈશ્વરની આપેલી છે .ભગવાને જળચર ,સ્થળચર અને ભૂચરમાં અનેક એવા રંગોને ભર્યા છે જે આજના આધુનિક રંગોથી રંગાયેલા માનવીને સમજવા અઘરા પડે તેમ છે જો એ સમજણ અને સાચવણી ખરેખર માણસે કરી હોત તો આજે ચારે બાજુ જે કંઈ પણ કુદરતની આપત્તિઓ અનુભવાય છે તે ન થાત અને બધા જ રંગોથી ભરેલી દુનિયાને આપણે આવનાર પેઢી માટે સોંપી શકત. કહેવાનો તાત્પર્ય એવો છે, કે કુદરતે આપેલ તમામ સંપત્તિ ને આપણે સાચવી શક્યા નથી. આજે ભમરા ને મધ લેવું છે પણ બગીચા એવા બનાવ્યા છે ત્યાં કાલ્પનિક ફુલ છે . તેવી જ રીતે ફૂલને પણ મહેકવું છે પરંતુ ફૂલો જ કાગળના બની ગયા છે. તો સુગંધની અપેક્ષા કેમ રખાય કાગળને પણ સારી રીતે છપાઈ કરાવી છે પણ અહીં કાગળ જ પ્લાસ્ટિકના બની ગયા છે. આપણે આજે મજબૂર છીએ વ્યવસ્થાના ભાગરૂપે કુદરતના તમામ રંગોને કચ્ચરઘાણ કાઢી સત્યાનાશ કર્યો છે .આખી દુનિયાને પ્રદૂષણના રંગોથી રંગી નાખી છે. પાણી ,હવા ,માટી આ ત્રણના રંગોને માણસે અશુદ્ધિઓ ઉમેરીને ઉમેરીને ડહોળી નાખ્યા છે. માટે પ્રભુ કહે છે જો તું મારી આપેલ કુદરતી સંપત્તિને સાચવીશ તો હું તને સાચવીશ. બસ! તું તારા વિચારોને , તારી કુટેવોને ,તારા સ્વભાવને બદલ અને સંપૂર્ણ સ્વાર્થનો ત્યાગ કરી થોડો મારી નજીક આવવાનો પ્રયત્ન કર. તું એકવાર શરૂઆત તો કર “તું એક ડગલું ચાલીશ તો હું તારા માટે ૧૦૦ ડગલાં આગળ હોઈશ” તું તારામાં મને જો હું કોણ છું? તેની પરખ કર .તો મારા વિચારો રુપી વિશાળ કાગળમાં હું ચિત્રાઈ જઈશ તારે ફક્ત સ્નેહની પીંછીથી રંગો પૂરવાની શરૂઆત કરવાની છે. તને મારામાં ભરોસો છે તો મને તારામાં ભરોસો છે. એક હૃદયના ભાવથી તું રંગાઈ જા ,રંગો ભરેલો ખડિયો તારી સાથે મૂકી દઉં છું તારા સારા વિચારો રુપી પીછીને રંગોમાં ડુબાડી ડુબાડી પ્રેમ રુપી કાગળમાં આકાર આપવાનું શરૂ કર ,જરૂરથી હું ચિત્રાઈ જઈશ હું તારી રગે રગમાં. ★-ડો સતીશ પટેલ .’પ્રકૃતિ રક્ષક ‘★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**

વિષય : કૃષ્ણ લીલા

શીર્ષક : કાન લાવું ક્યાંથી!?

પ્રકાર : પદ્ય શબ્દો : ૮૪

કાન લાવું ક્યાંથી!? મારો કૃષ્ણ લાવું ક્યાંથી!?(૨)
ગોપી સમુ સૌભાગ્ય કહો કે, રાધા કેરું નશીબ,
શોધતા શ્વાસોમાં જડે, એ કાન લાવું ક્યાંથી!?

ઝેર પીવું હું તોયે આવે, અમૃત કેરો ઓડકાર,
ભલાઈ કાજે રણ છોડે, એ કાન લાવું ક્યાંથી!?

મીરાનો પરમેશ્વર કહો, કે નરસૈંયાનો નાથ.
જગત જેને હાથ જોડે, એ કાન લાવું ક્યાંથી!?

તાંદુલ કેરી મુઠ્ઠીમાં દે, સમૃદ્ધિ સુખ વૈભવ.
દરિદ્રને પણ ભેટી પડે, એ કાન લાવું ક્યાંથી!?

ગોપીઓ તણી લાજ રાખવા, એ બન્યા ભરથાર,
ચીર પૂરવા કાજે દોડે, એ કાન લાવું ક્યાંથી!?
શૈલેષ ભોઈ "શૈલ"

# સાવન કૃપાલ રુહાની મિશન ની વડોદરા શાખા દ્વારા નિશુલ્ક આધ્યાત્મિક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું

સાવન કૃપાલ રુહાની મિશન ની વડોદરા શાખા તરફથી ×ધ્યાન દ્વારા માનસિક સ્વાસ્થ્ય માં સુધારો× વિષય પર આધ્યાત્મિક કાર્યશાળાનું ᷉ કંપનીમાં નિશુલ્ક આયોજન કરવામાં આવ્યું. જેમાં ૩૦ થી ૫૦ વર્ષની ઉંમરના લગભગ ૫૦ જેટલા યુવાનો ઉપસ્થિત રહ્યા.

આ આધ્યાત્મિક કાર્ય શાળામાં સમજાવવામાં આવ્યું કે આજકાલ આ આધુનિક યુગમાં લોકો ધ્યાન અભ્યાસ પ્રત્યે રુચિ વધે છે. જીવનના વિવિધ કાર્ય ક્ષેત્રમાં કામ કરવા વાળા ભાઈઓ અને બહેનો ભલે તે વિદ્યાર્થીઓ હોય કે કર્મચારીઓ, અધિકારીઓ હોય કે પટાવાળા, સામાન્ય લોકો હોય કે કોઈ વિશેષ હોદ્દા વાળા હોય બધા ધ્યાન અભ્યાસનું મહત્વ અનુભવ્યું છે. કે ધ્યાન દ્વારા આપણને માત્ર શારીરિક તથા માનસિક રીતે લાભ થતો નથી પરંતુ આપણે આધ્યાત્મિક રીતે પણ વધુ મજબૂત બની જઈએ છીએ. જો આપણે આપણા જીવનમાં દરરોજ ધ્યાન અભ્યાસ માટે સમય આપીએ તો તે આપણી આત્માને શક્તિ આપે છે. જીવનની દરેક પરિસ્થિતિમાં આપણે સકારાત્મક રહીએ છીએ.

આ સિવાય આપણે આપણા જીવનમાં આવતા દરેક ઉતાર ચડાવ, સુખ-દુ ખ, લાભ-હાનિ વગેરે કોઈ અસર થતી નથી કારણ કે આપણે આપણી અંદર એ અનુભવ કર્યો છે કે આ સુખ દુઃખ ફક્ત આપણા શરીર સાથે જોડાયેલા હોય છે અને પાછલા કર્મોના કારણે આવે છે. આપણો પોતાના જીવનને જોવાનો દ્રષ્ટિકોણ બદલાઈ જાય છે. જેના પરિણામ સ્વરૂપ આપણે સુખી જીવનની સાથે સાથે એક સશક્ત જીવન પસાર કરીએ છીએ અને આ દુનિયાની કોઈપણ હલચલ થી ડરતા નથી અને દરેક ક્ષણે શાંત અને સ્થિર રહીએ છીએ.

ધ્યાન અભ્યાસની આ વિધિ આપણે ફક્ત સમય પૂર્ણ ગુરુના ચરણ કમળો માં જઈને શીખી શકીએ છીએ. તેમનાથી દીક્ષા લઈને ધ્યાન અભ્યાસની વિધિ દ્વારા આપણે પોતાના અંતરમાં પ્રભુની જ્યોતિ અને શ્રુતિ નો અનુભવ કરીએ આપણે આધ્યાત્મિક રૂપથી પ્રગતિ કરી શકીએ અને આપણે જોઈશું કે આના દ્વારા આપણે આપણા મનુષ્ય જીવનનો મુખ્ય ઉદ્દેશ પોતાની જાતને ઓળખવી અને પિતા પરમેશ્વર ને મેળવવા તે આ જીવનમાં પૂર્ણ કરી શકીશું.

સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે વિશ્વભરમાં અનેક યાત્રા કરીને લાખો લોકોને ધ્યાન અભ્યાસની વિધિ શીખવી રહ્યા છે. જેનાથી આપણે પોતાના મનુષ્ય જીવનનો ધ્યેય પોતાની જાતને ઓળખવી અને પરમાત્મામાં લીન થવાનું છે તેને આ જ જન્મમાં પૂરું કરી શકીએ છીએ.

સાવન કૃપાલ રૂહાની મિશનના અધ્યક્ષ સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે સંપૂર્ણ વિશ્વમાં ધ્યાન અભ્યાસ દ્વારા પ્રેમ, એકતા અને શાંતિનો સંદેશ પ્રસારિત કરી રહ્યા છે. જેના ફળ સ્વરૂપે તેમને વિભિન્ન દેશો દ્વારા અનેક શાંતિ પુરસ્કારો તથા સન્માન ની સાથે સાથે પાંચ ડોક્ટરેટની ઉપાધિયો થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

સાવન કૃપાલ રૂહાની મિશન ના સંપૂર્ણ વિશ્વમાં ૩૨૦૦ થી વધુ કેન્દ્ર સ્થાપિત છે તથા મિશનનું સાહિત્ય વિશ્વની ૫૫ થી વધુ ભાષાઓ માં પ્રકાશિત થઈ ચૂક્યું છે. આનું મુખ્યાલય વિજયનગર દિલ્હીમાં છે તથા આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપરવીલે, અમેરિકામાં આવેલું છે.

# માનવજીવનમાં સ્વતંત્રતાથી મોટું કોઈ સુખ નથી અને પરતંત્રતાથી મોટું કોઈ દુઃખ નથી : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી : ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ-કર્મચારીઓનું રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરાયુંરાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ગૌરવભેર ઉજવણી સંપન્ન ‘મતદાન જેવું કંઈ નહીં, અમે મતદાન જરૂર કરીશું‘ ની થીમ સાથે ઉજવણીઃ શ્રેષ્ઠ ચૂંટણી કામગીરી કરનાર અને મતદાર જાગૃતિ માટે શ્રેષ્ઠ કામ કરનાર સૌને પુરસ્કારો એનાયત કરાયા ૦૩ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ, ૦૧ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, ૦૧ મતદાર નોંધણી અધિકારીશ્રી, ૦૧ મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી, ૨૧ બુથ લેવલ ઑફિસર્સ, સ્પેશ્યલ કેટેગરીમાં ૦૩ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના ૦૬ અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા યુથ વોટર ફેસ્ટિવલ-૨૦૨૪ના ૧૦ વિજેતા સ્પર્ધકોને પ્રશસ્તિપત્ર તથા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા

# રોયલ સુન્દરમ વીમા કંપનીને ગ્રાહક સુરક્ષા કોર્ટની વિમાની રકમ ૨૨ લાખની ફટકાર

ફરિયાદી ગીરીશભાઈ પાનસુરીયા જેમની પાસે મ્સ્ઉ કંપનીની કાર ધરાવતા હતા.અને આ કારનું અકસ્માત થયેલ અને કારને નુકસાન થયેલ. કારનીં .હ્ર.ફ કીમત ૨૨ લાખ વીમા કંપનીએ રાખેલ હતી. આ કાર રીપેર માટે મ્સ્ઉ ના વર્કશોપમાં મુકેલ ત્યારે રીપેરીંગ ખર્ચ ૩૫ લાખ જણાવેલ. જયારે વીમાધારક પાસે ૨૨ લાખનો જ વીમો હતો. અને તેથી વીમા રકમ મુજબનો કલેઈમ ફરિયાદીએ કરેલ પરંતુ અને આ વીમો પણ કંપનીએ નામંજૂર કરેલ હતો.તેથી ફરિયાદીએ સુરત ગ્રાહક સુરક્ષા કોર્ટનો આશરો લીધો હતો. આ કેસ ફરિયાદી તરફે ગ્રાહક સુરક્ષા કેસના સ્પેશિયાલિસ્ટ બેલા ગિરનારા અને હસમુખ ગિરનારા તરફથી લડવામાં આવેલ હતો. અને ગ્રાહકને તેમનાં હક્કના ૨૨ લાખ કેસ દાખલ તારીખથી ૮% વ્યાજ સાથે અપાવેલ છે. ઉપરાંત નામદાર કોર્ટે વીમા કંપનીને માનસિક હેરાનગતિના દસ હજાર રૂપિયા ચુકવવા આદેશ રૂપિયા આપેલ છે.

**વિશ્વ હિંદુ પરિષદ ગાંધીનગર જિલ્લા અને સંસ્કાર ભારતી ગાંધીનગર જિલ્લા સમિતિ ના સંયુકત ઉપક્રમે તારીખ ૨૬/૦૧/૨૦૨૫ રવિવારના રોજ ભારત માતા પૂજન અને શૌર્ય ગીતોના કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સંસ્કાર ભારતી ગાંધીનગર જિલ્લા સમિતિના કલાકારો દ્વારા કલા પ્રસ્તુતિ( ડાયરો અને દેશ ભકિત ગીતો અને શહિદો ની ગાથા) કરવામાં આવશે. સૌ વિવિધ ક્ષેત્રના કાર્યકર્તાઓ પરિવાર સહ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌ મા ભારતીને વંદન કરી આરાધના કરીએ એવી અપેક્ષા સહ વિશ્રૃવ હિન્દુ પરિષદ અને સંસ્કાર ભારતી ગાંધીનગર સમિતિ દ્વારા સૌને સાદર આમંત્રણ છે.**

**તારીખ : ૨૬/૦૧/૨૦૨૫ સમયઃ રાત્રે ૮:૦૦ કલાકે સ્થળ:ભારત માતા મંદિર સેકટર ૭ ગાંધીનગર.શ્રી મહેન્દ્રભાઇ મોડીયા અધ્યક્ષ (વિશ્વ હિંદુ પરિષદ ગાંધીનગર જિલ્લા)ડૉ. રાજન ચૌહાણઅધ્યક્ષ (સંસ્કાર ભારતી ગાંધીનગર જિલ્લા સમિતિ)**

# પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ મેડલની જાહેરાતઃગુજરાતના ૧૧ પોલીસકર્મી અને અને ૬ હોમગાર્ડ જવાનોને શૌર્ય અને સેવા મેડલ એનાયત

પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ કેન્દ્ર સરકાર દ્વારા સંરક્ષણ દળના વિવિધ વિભાગમાં સેવા આપતા જવાનોનું તેમની કર્તવ્યનિષ્ઠા, શૌર્ય અને સેવા માટે સન્માન કરવામાં આવ્યું છે. આ પુરસ્કાર મેળવનારાઓમાં પોલીસ વિભાગ, ફાયર વિભાગ, હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણના કર્મચારીઓ અને સુધારાત્મક સેવામાં કામ કરતા કર્મચારીઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ૧૧ પોલીસકર્મીઓ અને ૬ હોમગાર્ડના જવાનોને પણ શૌર્ય અને સેવા મેડલ એનાયત કરવામાં આવ્યા છે.

ગુજરાત પોલીસ વિભાગના ૨ પોલીસકર્મીઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ મેડલ અને ૯ પોલીસકર્મીઓને પ્રતિષ્ઠિત સેવા મેડલથી સન્માનિત કરાયા છે. આ ઉપરાંત હોમગાર્ડ વિભાગના ૬ જવાનોને પ્રતિષ્ઠિત સેવા મેડલથી સન્માનિત કરાયા છે. જેઓના નામ નીચે મુજબ છે.

શૌર્ય પુરસ્કાર
બ્રજેશ કુમાર ઝા, પોલીસ કમિશનર
દિગ્વિજયસિંહ પથુભા ચુડાસમા, નાયબ અધિક્ષક પોલીસ
શૌર્ય પુરસ્કાર

શૌર્ય પુરસ્કાર જીવન અને મિલકત બચાવવા અથવા ગુના અટકાવવા અને ગુનેગારોની ધરપકડ કરવામાં દુર્લભ અને નોંધપાત્ર બહાદુરી માટે એનાયત કરવામાં આવે છે, જે જોખમનો અંદાજ સંબંધિત અધિકારીની જવાબદારી અને ફરજોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.આ વખતે શૌર્ય પુરસ્કાર વિજેતાઓમાં ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારોમાં તૈનાત ૨૮, જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં તૈનાત ૨૮, ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં તૈનાત ત્રણ અને અન્ય પ્રદેશોમાં તૈનાત ૩૬ લોકોને તેમની



બહાદુરીભર્યા કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા છે.

વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ મેડલ
ચિરાગ મોહનભાઈ કોરાડિયા, ઈન્સ્પેક્ટર જનરલ
નિલેશ ભીખાભાઈ જાજડિયા, ઈન્સ્પેક્ટર જનરલ
અશોકકુમાર રામજીભાઈ પાંડોર, નાયબ પોલીસ અધિક્ષક
દેવદાસ ભીખાભાઈ બારડ, આસીસ્ટન્ટ કમાન્ડન્ટ
સુરેન્દ્રસિંહ દિલીપસિંહ યાદવ, કોન્સ્ટેબલ
હિરેનકુમાર બાબુલાલ વરણાવા, આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર
બાબુભાઈ જેઠાભાઈ પટેલ, સબ ઈન્સ્પેક્ટર
મુકેશકુમાર આનંદપ્રકાશ નેગી, હેડ કોન્સ્ટેબલ
હેમાંગકુમાર મહેશકુમાર મોદી, હેડ કોન્સ્ટેબલ
વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ મેડલ

રાષ્ટ્રપતિ મેડલ ફોર ડિસ્ટિંનિશ્ડ સર્વિસ (ૅજીસ) સેવામાં ખાસ વિશિષ્ટ રેકોર્ડ માટે આપવામાં આવે છે. આ વખતે વિશિષ્ટ સેવા (ૅજીસ) માટે ૧૦૧ રાષ્ટ્રપતિ મેડલમાં ૮૫ પોલીસ કર્મચારીઓને, પાંચ ફાયર સર્વિસ કર્મચારી, સાત નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ જવાન તથા ચાર સુધારાત્મક સેવાના જવાનોનો સમાવેશ થાય છે.

પ્રતિષ્ઠિત સેવા મેડલ
વિકાસભાઈ રામકૃષ્ણ પાટીલ, ઓફિસર કમાન્ડિંગ
ગીતાબેન સવજીભાઈ ગોહિલ, પ્લાટૂન કમાન્ડર
તુલસીભાઈ આલાભાઈ ઝાલા, હવાલદાર
જાલમભાઈ વશરામભાઈ મકવાણા, ડિવિઝનલ વોર્ડન
જયેશ દેવજીભાઈ વેગડા, ડેપ્યુટી ચીફ વોર્ડન
નંદુભાઈ બાબાભાઈ પટેલ, ડેપ્યુટી ચીફ વોર્ડન
પ્રતિષ્ઠિત સેવા મેડલ

મેરિટોરિયસ સર્વિસ મેડલ (સ્જીસ) સંસાધન અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દ્વારા દર્શાવવામાં આવતી મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે. આ વખતે ૭૪૬ મેરિટોરિયસ સર્વિસ (સ્જીસ) મેડલમાંથી ૬૩૪ પોલીસ વિભાગ, ૩૭ ફાયર સર્વિસ, ૩૯ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સર્વિસને અને ૩૬ કરેક્શનલ સર્વિસને એનાયત કરવામાં આવ્યા છે.પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ કેન્દ્ર સરકાર દ્વારા દેશના કુલ ૯૪૨ પોલીસકર્મી, ફાયરકર્મી અને નાગરિક સંરક્ષણ કર્મચારીઓને વિવિધ શ્રેણીઓમાં શૌર્ય અને સેવા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા છે.

# નવજીવન- સંજય મહેતા

જીવનભરનાં તોફાન ખાળી રહ્યો છું, ફક્ત એના મોઘમ ઈશારે ઈશારે.
ગમે ત્યાં હું ડૂબું ગમે ત્યાં હું નીકળું, છે મારી પ્રતીક્ષા કિનારે કિનારે.

- મરીઝ .

વિક્રમ સંવત ૨૦૬૧ ના નવલા વર્ષને વધાવવામાં સૌ કોઈ લાગેલું હતું. પરિ બોલી ઊઠીઃ

"દીપિત, આ વખતે મારા ભાઈબહેન સાથે નાગેશ્વર જવાનું ગોઠવવાનું છે."

દીપિતે જવાબ વાળ્યોઃ

"હા, આ વખતે દિવાળી અને ઈદ બંને લગભગ એક સાથે જ છે. આપણે ડ્રાઈવર સોનુને પૂછી લઈએ."

સોનુ ઉર્ફે હામિદ નાગોરી બચપણથી દીપિત સાથે જોડાયેલો અને જૈન પરિવારમાં બધા સાથે એકદમ હળીમળી ગયેલો, જાણે કુટુંબનો સભ્ય. આ વખતે વિટંબણા એ હતી કે દિવાળી ૧૨ નવેમ્બર ૨૦૦૪ની હતી અને રમઝાન ઈદ ૧૪ નવેમ્બર ૨૦૦૪ની હતી. દિપીતે સોનુને પૂછ્યુંઃ

"સોનુ, અમારો આ વખતે નાગેશ્વરનો પ્લાન બને છે. ઈદ અને દિવાળી બંને સાથે જ આવે છે તો કેમ કરીશું?"

સોનુએ કહ્યું :

"અરે વાંધો નહીં, રમઝાન ઈદ છે ને ભાઈ? હું ગમે ત્યાં ઈદની નમાજ અદા કરી આવીશ. હું ચોક્કસ આવીશ, તમતમારે ગોઠવો."

નાગેશ્વર, ઉજ્જૈન, મક્ષીજી, માંડવગઢ, ભોપાવર અને મોહનખેડાના પ્રવાસનું આયોજન થયું. દિવાળીનું ચોપડાપૂજન કરી ત્રણ ગાડીઓ સાથે ઉપડી.

આનંદપૂર્વક પ્રવાસ એની ગતિથી આગળ વધી રહ્યો હતો. આજે પ્રવાસનો અંતિમ દિવસ હતો. મહીસાગર નદીનો સુંદર નજારો નિહાળી પહલ બોલી ઉઠીઃ

"મને પાણી પાસે જવું છે, કેટલું સુંદર પ્રાકૃતિક વાતાવરણ છે!"

પહલ દીપિત માટે ’પાપા કી પરી’ હતી. એની નાનામાં નાની ઈચ્છાને દિપીત પ્રાધાન્ય આપતો. બધી ગાડીઓ મહી કાંઠે પાર્ક કરાઈ. દીપિતે સોનુને પૂછ્યુંઃ

"તું આવે છે અમારી સાથે?"

" ના, હું ગાડીમાં જ બેઠો છું." સોનુએ કહ્યું.




દીપિત પાણીમાં રમતાં પહલ, પલાશ અને બીજા બાળકોની કાળજી લેતો હતો. પરિ, મહીન, તક્સા, માલવકુમાર, તરલ, પારસકુમાર વર્તુળાકારે ફેલાયેલી નદી અને વનરાજીનો નયનરમ્ય નજારો નિહાળતાં હતાં. કેટલાક સ્થાનિક ખેતમજૂર છૂટાછવાયા એમના કામમાં વ્યસ્ત હતા.

સોનુ ક્વૉલિસ ગાડી લૉક કરીને એકદમ નદી તરફ આવ્યો.
"સોનુ, પાણી જોઈને ના રોકાઈ શક્યો?" દીપિતે પૂછ્યુ.

સોનુએ કોઈ પ્રત્યુતર વાળ્યો નહીં. એની આંખોમાં એક અજીબ ચમક હતી. એ સીધો નદીના કિનારા તરફ આગળ વધ્યો. એક કૂદકો મારી એણે નદીનાં પાણીમાં ડૂબકી મારી. દીપિતની નજર સોનુ તરફ જ હતી. દીપિતને પાણીનો કે સ્વિમિંગનો કોઈ અનુભવ ન હતો આથી પાણીથી એ હંમેશા ડરતો. પરંતુ આ શું? સોનુ અહીંથી પાણીમાં ગરકાવ થતો, તો ત્યાં એનું માથું દેખાતું, વળી પાછો પાણીમાં ગરકાવ થતો અને સહેજ માથું ઊંચું કરતો. દીપિતને લાગ્યું સોનુ ભલે રમૂજી સ્વભાવનો છે પરંતુ આ રમત નથી, સાચે જ એ તકલીફમાં છે. હે પ્રભુ! આ શું વિટંબણા છે ! તેનો તહેવાર છોડીને છોકરો અમને પ્રવાસ કરાવવા આવ્યો છે. દીપિતે મદદ માટે સ્થાનિકોને આજીજી કરી. બધાએ ના પાડીઃ

"આ જગ્યા ભોગ લે છે."

દીપિત પાગલની માફક મદદ માટે ચિત્કારતો હતો. એટલામાં સોનુ હવાતિયાં મારતો દીપિત જે કિનારા ઉપર ઊભો હતો એ તરફ તણાતો આવ્યો.

દીપિતે પળનોય વિચાર કર્યા વિના સોનુને હાથ આપી દીધો. સોનુ ખેંચાઈને દોઢ ફૂટ જેટલો ઉપર આવ્યો હશે, ત્યાં એક ઝાટકા સાથે દીપિત ઉપરથી ખેંચાઈને ઉંધે માથે નદીમાં ગરકાવ થઈ ગયો. સાથેસાથે સોનુ પણ ફરી નદીમાં ગરકાવ થઈ ગયો. નદીમાં સરકારે ચેકડેમ બનાવેલો જે ખૂબ જ ઊંડો હતો. દીપિત અને સોનુ બંને પોતપોતાની રીતે જિંદગીનો જંગ લડી રહ્યા હતા. ક્યાંક એકમેકને ટકરાતા, ક્યાંક ઊંડે તળિયે જઈ પાછા ઉપર તરફ ઊઠતા. પાણીના વેગે ખેંચાતા સોનુના હાથમાં દીપિતના પગ આવી ગયા અને મડામૂઠથી દીપિતના પગ સાથે બંધાઈ ગયો. બંનેનું વજન એક થતાં દીપિત પાણીમાં જે હવાતિયાં મારતો હતો એને વેગ મળ્યો. દીપિતનું મોઢું પાણીની બહાર નીકળ્યું, એની અંતિમ નજર કાગારોળ કરી ચિત્કારતા પરિ, પહલ અને પલાશ ઉપર પડી. મન મનાવ્યું, બસ આ અંતિમ ક્ષણો છે, મને તરતાં નથી આવડતું. આપણી લેણદેણ અહીં પૂરી. ઘરના પૂર્વજોને યાદ કરી પોતાનું ચિત્ત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથદાદામાં સ્થિર કરી દીધું. શરીર એને બચાવવા હવાતિયાં મારતું હતું. બંને હાથ જોર જોરથી વીંઝાતા જતા હતા. એટલામાં મહીનનો હાથ દીપિતને મળી ગયો! આસપાસનું સ્થાનિકોનું ટોળું મહીનને કહેતું હતુંઃ

"રહેવા દો ભાઈ.. એ બંનેને જવા દો, તમે પણ જશો..."

મહીન જોરજોરથી ચિત્કારતો હતો.

"મારા બનેવી છે, એમને કેમ જવા દઉં? બોલો શ્રી પદ્માવતી માત કી જય"

અને મજબૂત બાંધાનો મહીન, દીપિત જેમ બહાર નીકળતો ગયો તેમ એ પાછળની તરફ ખસતો ગયો. સાથે બેભાન સોનુ પણ દીપિતના પગે વીંટળાયેલો બહાર નીકળ્યો.

સોનુ બેભાન હતો, એના શ્વાસ ચાલુ હતા. સ્થાનિકોએ એના ફેફસામાં અને શ્વસનમાં ભરાયેલ પાણી બહાર કાઢવામાં મદદ કરી. થોડીક ક્ષણો બાદ એ ભાનમાં આવી ગયો. દીપિત ભાનમાં જ હતો, પરંતુ શ્વાસ લેવામાં ખૂબ જ તકલીફ થઈ રહી હતી?. બંનેના શરીર ઉપર ચીકણી માટી, સુકાયેલા પાંદડા, દાંડી, કાંટા બેશુમાર ચોંટેલા હતા.

સ્વચ્છ અને સ્વસ્થ થઈ દીપિત અને સોનુ બધાં બેઠાં હતાં એ હૉલમાં આવતાંની સાથે સૌ એકમેકને ભેટી પડ્યા. બંનેની આંખમાંથી અશ્રુધારા વહેતી હતી. અંધકાર ઉપર અજવાળાના તહેવાર દિવાળી અને પવિત્ર રમઝાન ઈદના તહેવારની જાણે અહીં સાચી ઉજવણી થઈ રહી હતી.

ત્રણેય ગાડીઓ ભોપાવર તીર્થ તરફ લીધી.
સંજય બી. મહેતા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





મું

# પ્રજાસત્તાક પર્વ

રાજ્ય મહોત્સવ । ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ । તાપી-વ્યારા

અમે,
**માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઈ મોદીના**
**'વિકસિત ભારત'**ના
સ્વપ્નને સાકાર કરી
દેશની લોકશાહીને વધુ ઉન્નત
બનાવવાનો સંકલ્પ કરીએ છીએ



માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજી**ના
વરદ્હસ્તે

**ધ્વજવંદન સમારોહ**

**તારીખઃ** ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર, **સવારે** ૯:૦૦ વાગે

**સ્થળઃ** બાજીપુરા, તા. વાલોડ, જિ. તાપી–વ્યારા

પ્રેરક ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી

આવો, આપણે સૌ
**સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસ**નું
ગૌરવ લઈએ,
બંધુતા અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ

**પ્રજાસત્તાક પર્વની સૌ ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ...**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.